| PUBLICATION NAME : | Ahmedabad Express |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 05/09/2023 |
| PAGE : | 5 |

# ઇડીઆઇઆઇના ફેકલ્ટીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા નેશનલ ટીચર્સ એવોર્ડ 2023 એનાયત કરાશે

અમદાવાદ | તા.04

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર અને પ્રોફેસર ડો. સત્ય રંજન આચાર્યને હાયર એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂશન્સ એન્ડ પોલીટેક્નિક ઈન્સ્ટિટ્યૂટ્સ માટેની એવોર્ડ કેટેગરીમાં નેશનલ ટીચર્સ એવોર્ડ 2023 મેળવવા માટે પસંદ કરાયા છે. તેઓ ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન તરફથી પસંદ કરાયેલા 13 પુરસ્કાર વિજેતાઓ પૈકીના એક છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ 05 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ દ્વારા એનાયત કરાશે. ડો. આચાર્ય આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનના ક્ષેત્રમાં એક શિક્ષણવિદ્ છે. તેઓ ઉભરતાં ઉદ્યોગ સાહસિકો તથા વિકસીત ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપવામાં કુશળતા ધરાવે છે. તેઓ ઈડીઆઈઆઈ ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનના ડાયરેક્ટર અને પ્રોફેસર છે.

